નિરાશ માનવના મનમંદિરમાં ઝાલર વાગે એ પુસ્તકની ખરી સાર્થકતા

માહિતી ખાતાના અધિકારી પુલક ત્રિવેદીના પ્રથમ પુસ્તક 'ટૂંકું ને ટચ'નું વિમોચન મુખ્યમંત્રીના હસ્તે યોજાયું

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, જ્યારે મન સ્વસ્થ અને હૃદયમાં સંવેદનશીલતા હોય ત્યારે જ સાહિત્ય સર્જન થતું હોય છે.

માહિતી ખાતાના અધિકારી અને "ટૂંકુ ને ટચ" પુસ્તકના લેખક પુલક ત્રિવેદીએ સરકારી સેવા સાથે સાહિત્યનું સર્જન કર્યું છે. તેમના હૃદયના ઉંડાણમાંથી નીકળેલા ભાવને શબ્દનું રૂપ આપવાનો પ્રયાસ અભિનંદનને પાત્ર છે તેમ પુસ્તકનું વિમોચન કરતાં તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, અમારી સરકાર પણ સાહિત્ય સર્જનમાં જેવી સંવેદનશીલતા જોઈએ તેવી જ સંવેદનશીલતાથી છેવાડાના માનવીનો ઉત્કર્ષ થાય તે માટે કાર્યરત છે. લોકમિજાજ, જનતા જનાર્દનની આશા-અપેક્ષાની પૂર્તિ કરી નિર્ણાયકતા, પારદર્શકતાથી કાર્ય કરે છે.

મુખ્યમંત્રીએ આ અવસરે પુલક ત્રિવેદીના બ્લોગનું પણ ડિજિટલ લોકાર્પણ કર્યું હતું.

જાણીતા કટાર લેખક જય વસાવડાએ વક્તવ્યમાં જણાવ્યું કે, આજકાલ વાચકો કરતાં લેખકો વધી ગયા છે ત્યારે સાંપ્રત હોવું તે આજે મોટી સમસ્યા છે. માણસને પછડાટ પછી બેઠા થવાનો ઉજાસ આ પુસ્તકમાં રેલાય છે. નગર તેના સર્જકોથી ઓળખાય, તેના જીવંત નાગરિકોથી ઓળખાય તે નગરની સાર્થકતા છે.

પુસ્તક અને પસ્તી વચ્ચેનો તફાવત એ છે કે, પુસ્તકમાં વિચાર અને લાગણીનું સામંજસ્ય જળવાય તે પુસ્તક બની રહે છે બાકી પસ્તી બની રહે છે તેમ તેમણે સાહિત્યની વિવેચના કરતાં જણાવ્યું હતું.

જાણીતા કટારલેખક ભવેન કચ્છીએ જણાવ્યું કે, લાંબુ લખવું સહેલું છે પરંતુ ટૂંકું લખવું અઘરું છે. પુલકભાઈએ આવું ટુકું લખાણ સફળતાપૂર્વક લખીને પુસ્તકના સ્વરૂપે આપ્યું છે તેનો આનંદ વ્યક્ત કરતાં કહ્યું કે, ઓડકાર આવી જાય તેવું લાંબુ લખાણ નહીં પરંતુ ડાયેટીંગ થાય તેવું ટુંકું લખાણ લખાય તે સમયની માંગ છે.

ગાંધીનગર સમાચાર દૈનિકના તંત્રી કૃષ્ણકાંત જહાએ જણાવ્યું કે, પુસ્તક અને પ્રેમનું પ્રગટ થવું સ્વયં એક ઉત્સવ હોય છે. ગાંધીનગર એ સંસ્કારનું ધામ છે અને ત્યાંથી આ પુસ્તકનું પ્રાગટ્યીકરણ થયું છે તેનાથી ગાંધીનગર વધુ સમૃધ્ધ અને શ્રીમંત બન્યું છે.

તેમણે કહ્યું કે, ગાંધીનગર સમાચારમાં પ્રગટ થયેલાં લેખમાંથી ૫૯ પુસ્તકો પ્રગટ થયાં છે અને આજે આ ૬૦મું પુસ્તક પ્રગટ થયું છે તેનો આનંદ વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે, પુસ્તકમાં એવું છપાય કે, નિરાશ માનવના મનમંદિરમાં ઝાલર વાગે એ પુસ્તકની ખરી સાર્થકતા છે.

પુસ્તકના લેખક પુલકભાઈ ત્રિવેદીએ પોતાના પ્રતિભાવમાં જણાવ્યું કે, મારા માટે આજે રૂડો અવસર છે. કારણ કે મારા પ્રથમ પુસ્તકને વિમોચિત કરવા માટે મુખ્યમંત્રી સ્વયં ઉપસ્થિત રહ્યા છે. મેં મારા પુસ્તકમાં જિંદગીની જિંદાદીલીને ઢાળવાનો પ્રયત્ન કર્યો છે. કોઈ એક વિચાર કોઈની વેદનાને સમાવે અને જિંદગીને સ્પાર્ક કરાવે તેવા હેતુથી આ પુસ્તકનું સર્જન કર્યું છે.

પુસ્તકના પ્રકાશક નવભારત સાહિત્ય મંદિર - જે. પી. ગ્રુપના વિરેન્દ્રભાઈ શાહે પ્રકાશન ગૃહ તરફથી પુસ્તક પ્રકાશનની લાગણી અભિવ્યક્ત કરી હતી.

આ પુસ્તકના વિમોચન પ્રસંગે મુખ્યમંત્રીના સચિવ અશ્વીનીકુમાર, માહિતી નિયામક એ. વી. કાલરિયા, અધિક માહિતી નિયામક અરવિંદભાઈ પટેલ, વરિષ્ઠ અધિકારીઓ, લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારો, પત્રકારો તથા સાહિત્યપ્રેમી નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જીએમડીસી ગ્રાઉન્ડ, અમદાવાદ ખાતે

મુખ્યમંત્રીના હસ્તે એજ્યુકેશન એક્સ્પો ખુલ્લો મુકાયો

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, કારકિર્દીની પસંદગી વાલીઓ સાથે વિદ્યાર્થીઓ માટે પણ પડકારરૂપ હોય છે ત્યારે વિદ્યાર્થીઓને આ અંગે એક જ સ્થળેથી માર્ગદર્શન અને માહિતી મળે તે સમયની માંગ છે. જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા એજ્યુકેશન એક્સ્પોને ખુલ્લો મુકતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, અત્રે યોજાયેલા એક્સ્પોમાં વિદ્યાર્થીઓને ગુજરાતની વિવિધ કોલેજો, વિવિધ યુનિવર્સિટીઓ અને તેમાં ઉપલબ્ધ અભ્યાસક્રમોની માહિતી ઉપલબ્ધ બનશે. તેમણે જણાવ્યું કે, અત્યારે મોટા ભાગની શૈક્ષણિક સંસ્થાઓમાં વેકેશન ચાલુ છે અને આગામી સપ્તાહમાં જ વિવિધ કોલેજો શરૂ થશે ત્યારે અહીં

યોજાયેલો એક્સ્પો રાઈટ ટાઈમ ફોર રાઈટ જોબ છે. રાજ્યમાં શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે નવ યુનિવર્સિટીઓ હતી તે વધારીને આજે ૬૦ યુનિવર્સિટીઓ વૈવિધ્યસભર વિષયોનું જ્ઞાન પીરસે છે. તાજેતરમાં આર્થિક રીતે નબળાં વર્ગ માટે હયાત અનામતમાં એક પણ બેઠકમાં ઘટાડો કર્યા સિવાય ૧૦ટકા બેઠકોમાં વધારો કર્યો છે. જેથી તબીબી, ઈજનેરી જેવા અભ્યાસક્રમોની બેઠકોમાં નોંધપાત્ર વધારો થયો છે તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

વિદ્યાર્થીઓને સફળ અને સારી કારકિર્દીની ઝંખના હોય છે તો સામે કારકિર્દીની પસંદગી એક સ્ટ્રગલ હોય છે ત્યારે આવા એજ્યુકેશન એક્સ્પો દ્વારા જ વિદ્યાર્થીઓને સાચી દિશા પ્રાપ્ત થથી હોય છે. મુખ્યમંત્રીએ વિવિધ શૈક્ષણિક સ્ટોલ્સની મુલાકાત લઈ શિક્ષણ-કારકિર્દી માર્ગદર્શનની વિગતો જાણી હતી.

આ એક્સ્પોમાં વિવિધ યુનિવર્સિટીઓ, કોલેજો, વિઝા કન્સલ્ટન્સીના સ્ટોલ લગાવવામાં આવ્યા છે જ્યાંથી શિક્ષણ અને કારકિર્દીને લગતી વિવિધ જાણકારી નાગરિકો અને વિદ્યાર્થીઓ મેળવી શકશે.

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોર્સીસ માટે રિશફલીંગ રાઉન્ડની સત્તાવાર જાહેરાત

ગાંધીનગર, તા. ૧

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોમર્સ, આર્ટસ્ સહિતના તમામ કોર્સમાં પ્રવેશ માટે ચાલુ વર્ષે એક જ ઓનલાઈન રાઉન્ડ કરવાનું નક્કી કરાયું હતું. જોકે, છેલ્લા કેટલાય દિવસથી એબીવીપી અને એનએસયુઆઈ વિદ્યાર્થી સંગઠનોના ઉગ્ર વિરોધના કારણે હવે ઓનલાઈન રાઉન્ડ બાદ બીજો રિશફલિંગ રાઉન્ડ કરવાની જાહેરાત કરવામાં આવી છે. ભારે વિલંબ બાદ રિશફલિંગ રાઉન્ડ કરવાના નિર્ણયથી એમ.કોમ. અને બી.એસસી.માં નવેસરથી કાર્યવાહી કરવી પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે.

યુનિવર્સિટીમાં છેલ્લા પાંચ વર્ષથી ઓનલાઈન સેન્ટ્રલાઈઝ એડમિશન સિસ્ટમ દાખલ કરાઈ છે. પરંતુ ચાલુ વર્ષે ઓનલાઈન એડમિશન પ્રક્રિયાના એક જ રાઉન્ડ કર્યા બાદ ખાલી પડેલી બેઠકો પર વિદ્યાર્થીઓને પોતાની રીતે જુદી જુદી કોલેજોમાં જઈને પ્રવેશ લેવાની સૂચના આપવામાં આવી હતી. આ પ્રકારના નિર્ણયનો વિરોધ એબીવીપી અને એનએસયુઆઈ બન્ને વિદ્યાર્થી સંગઠન દ્વારા કરવામાં આવ્યો હતો. ગઈકાલે એબીવીપીએ દેખાવો કરીને યુનિવર્સિટી પ્રશાસનનું પૂતળું બાળીને વિરોધ પ્રદર્શન

કર્યું હતું. આ ઉપરાંત યુનિવર્સિટી દ્વારા જો તાકીદે રિશફલિંગ રાઉન્ડ જાહેર કરવામાં ન આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ આપવામાં આવી હતી. મહત્ત્વની વાત એ કે અગાઉ એનએસયુઆઈ દ્વારા પણ એક જ રાઉન્ડના બદલે રિશફલિંગ રાઉન્ડ કરવાની માગણી કરવામાં આવી હતી. પ્રવેશ સમિતિ દ્વારા સત્તાવાર રીતે પરિપત્ર જાહેર કરીને એવી સ્પષ્ટતા કરી છે હવે પછી ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાનો એક રાઉન્ડ પૂર્ણ થયા બાદ બીજો રાઉન્ડ રિશફલિંગ રાઉન્ડ કરવામાં આવશે. એટલે કે વિદ્યાર્થીઓએ પહેલા રાઉન્ડમાં જે તે કોલેજમાં પ્રવેશ મળે અને તે કન્ફર્મ ન કરાવે તો બીજા રાઉન્ડ એટલે કે રિશફલિંગ રાઉન્ડમાં બીજી તક મળી શકશે. જે પ્રવેશ કાર્યવાહી બાકી છે તેના માટે બીજો રાઉન્ડ થશે તેવી જાહેરાત કરાઈ છે.

જન્મદિને વધામણી

કેશરીસિંહ જી. બિહોલા
પ્રમુખ, ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ
મો. ૯૯૭૪૫ ૨૫૬૨૮

નયન મધુકર
પૂર્વ પ્રમુખ, લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર
મો. ૯૮૯૮૩ ૩૮૧૪૧

આદિત્ય અનિલકુમાર નાયી
મો. ૯૯૨૪૧ ૪૯૩૩૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

માસ કોમ્યુનિકેશનના કોર્સ વિષે માહિતી આપશો

નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગરની આસપાસના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. ગાંધીનગરની આસપાસના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઈ રહ્યા છે. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવાથી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો : facebook.com/questions.careercorner પર...

૧. હું ધોરણ૧૨ કોમેર્સમાં અભ્યાસ કરું છું. માસ કમ્યુનિકેશનના કોર્સ વિષે માહિતી આપશો. શું આ કોર્સ કરવો યોગ્ય છે?

- રંજિત પવાર, ગાંધીનગર

રંજિત, આપ ચોક્કસ આ કોર્સ કરી શકો છો, જો આપને આ કોર્સમાં રસ હોય તો! આ કોર્સ આપ ધોરણ ૧૨ પછી કરી શકો છો. આ કોર્સમાં મુખ્યત્વે આપને બી.એ. (માસ કમ્યુનિકેશન) અથવા બી.એમ.સી. એટ્લે કે બેચલર ઓફ માસ કમ્યુનિકેશનની ડિગ્રી મળતી હોય છે. આના સિવાય બેચલર ઓફ જર્નાલિઝમ અને વિષય પ્રમાણે સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સ પણ હોય છે જેમાં એક્ટીંગ, ફિલ્મ ડિરેકશન, સિનેમેટોગ્રાફી, ઓડિયોગ્રાફી, સાઉન્ડ રેકોર્ડિંગ, એડીટીંગ, ડ્રામેટિક્સ, આર્ટસ,

એનીમેશન, સ્ક્રીનપ્લે, લેખન, ફોટોગ્રાફી, વિગેરે ઉપરાંત મીડીયાને લગતા વિષયોનો સમાવેશ થાય છે. ભારતમાં 'માસ કોમ્યુનીકેશન'ની જે કોલેજો છે એમાં ટોચની ૧૦માં અમદાવાદની 'મુદ્રા ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમ્યુનિકેશન'' (માઈકા(પહેલા નંબરે ગણાય છે. મુદ્રા ઈન્સ્ટીટ્યુટમાં મોટાભાગે અનુસ્નાતક કોર્સ અથવા તો સર્ટિફિકેટ કોર્સજ કરવવામાં આવે છે. એ સિવાય અન્ય કોલેજ એશિયન કોલેજ ઓફ જર્નાલિઝમ, જામીયા મીલીઆ ઈસ્લામીઆ, સિમ્બાયોસિસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મીડિયા એંડ કમ્યુનિકેશન, સેંટ જેવિયર્સ, વિગેરે કોલેજનો સમાવેશ થાય છે. બી.એ. માસ કમ્યુનિકેશન ગ્રેજ્યુએટ્સને ટીવી કોરસપોન્ડન્ટ, પત્રકાર, લેખક, ફેશન ફોટોગ્રાફર, ફોટોજર્નલિસ્ટ, પ્રોડકશન વર્કર, ફિલ્મ ડિરેક્ટર, પબ્લિક રિલેશન્સ ઑફિસર, રેડિયો જૉકી (આરજે), વિડીયો જોકી (વીજે), સ્કિનલેખક, રિપોર્ટર, સાઉન્ડ સ્પેશિયાલિસ્ટ જેવી ક્ષમતાઓમાં રાખવામાં આવે છે. મીડિયા, માસ કોમ્યુનિકેશન જેવાં ક્ષેત્રોમાં શુદ્ધ ઉચ્ચારણ અને ભાષા ઉપર પ્રભુત્વ જરૂરી છે અને આ કોર્સ એ કૌશલ્ય આપે છે. એ સિવાય આપની અંદર સર્જનાત્મકતા હોવી જરૂરી છે જે તમને ચોક્કસ મદદરૂપ થશે.અને એક જરૂરી વાત એ પણ છે કે આ ક્ષેત્રમાં ધીરજ રાખવું ખૂબ જરૂરી છે કારણકે બની શકે આ ક્ષેત્રમાં સફળતા મળતા વાર લાગે પણ જો આપ ધીરજ જાળવી આપના ધ્યેયને વળગી રહેશો તો ચોક્કસ સફળતા ને પ્રાપ્ત કરી શકશો. દરેક રાજ્યની સરકાર અને કેન્દ્ર સરકારમાં પણ કમ્યુનિકેશન પ્રોફેશનલ્સની ડિમાન્ડ હોય છે. આમ આ કોર્સ ખૂબજ સરસ છે, કોમ્પિટિશન ઓછી છે અને જો આપ રસ ધરાવતા હોવ તો આ ક્ષેત્ર આપના માટે ખુબ લાભદાયી બની શકે છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

૨. મે તાજેતર માં જ મારૂ બી.કોમ પૂરુ કરેલ છે..હું કોઈ પણ જગ્યાએ ઇન્ટરવ્યુ આપવા જાઉં ત્યારે મને અંગ્રેજી બોલવામાં તકલીફ પડે છે.તો એ ખામી ને દૂર કરવા શું કરવું?

- અદિતિ જોશી, ગાંધીનગર

અદિતિ ,અંગ્રેજી માં તકલીફ મોટાભાગ ના વિદ્યાર્થીઓને થતી હોય છે.અંગેજી ટૂંક સમય માં સુધારવું મુશ્કેલ છે પણ અશક્ય નથી.શરૂઆત કરો રોજ એક કલાક અંગ્રેજી છાપું વાંચવાની.જે શબ્દો માં ખબર ના પડે એ શબ્દો નું લિસ્ટ બનાવો અને તેના સમાનર્થી અને વિરુદ્ધાર્થી ડીક્સનરી માંથી શોધી ને લખો અને તૈયાર કરો.આમ કરવાથી આપનો અંગ્રેજી ભાષા નો શબ્દકોશ વધશે.કોઈ પણ ભાષા નો શબ્દકોશ જેટલો આપ વધુ આપ જાણતા હશો એ ભાષા એટલી જ સરળતા થી આપ લખી અને બોલી શકશો. એ સિવાય રોજ-બરોજ ઉપયોગ માં લેવાતા શબ્દો નું લિસ્ટ બનાવો અને એને અંગ્રેજી માં બોલવાની નિયમિત પ્રેક્ટિસ કરો.આ સિવાય સૌથી અગત્ય નું પાસું છે આત્મવિશ્વાસ .આપ આપના મિત્રો અને પરિવાર ના સભ્યો સાથે પૂરા આત્મવિશ્વાસ સાથે અંગ્રેજી માં વાત ચિત કરવાની કોશિશ કરો.શરૂઆત માં કદાચ તકલીફ પડી શકે છે પણ નિયમિત પ્રેક્ટિસ ચાલુ રાખવી જરૂરી છે.શરૂઆત માં આપના થી ભૂલ થઈ શકે છે પણ એનાથી ડરવાની કોઈ જરૂર નથી.ભૂલ ને સુધારી ને ફરીથી એ જ વાક્ય અથવા શબ્દો

ને આપ ઉપયોગ માં લઈ શકો છો.જેથી ભવિષ્ય માં આપ કોઈ સારા લેવલ પર કામગીરી કરતાં હો તો આપના થી એ ભૂલ નું પૂનરાવર્તન ન થાય.એ સિવાય ઓનલાઈન પણ અનેક એપ્લિકેશન અથવા વિડીયો ની સહાય લઈ શકો છો.અમુક એપ્લીકેશન માં આપણે શબ્દો મે અર્થ ની સાથે સાથે એ શબ્દ ના ઉચ્ચારણ પણ આપેલ હોય છે એનો આપ ઉપયોગ કરી શકો છો.કારણકે અમુક શબ્દો એવા હોય છે કે એ જે પ્રમાણે લખાય છે એ પ્રમાણે બોલાતા નથી જેમ કે ''ઉઁહીજં'', જેનું ઉચ્ચારણ આપણે ''ઓનેસ્ટ'' કરીએ છીએ નહીં કે 'હોનેસ્ટ'.આવા અનેક શબ્દો છે જે આપ શીખી શકો છો.આમ આપ નિયમિત અને આત્મવિશ્વાસ સાથે જો પ્રેક્ટિસ કરશો તો આપ ચોક્કસ આપની અંગ્રેજી ભાષા સરળતા થી અને ઝડપી બોલી શકો છો. શુભેચ્છાઓ, એક ઉજ્જવળ ભવિષ્ય માટે.

૩. મારૂ હાલ માં જ ધોરણ ૧૨ સાયન્સ નું પરિણામ આવેલ છે.ગ્રુપ-એ બાદ આગળ કયા સારા વિકલ્પો હોઇ શકે?

- વિજય ડાભી, દહેગામ

વિજય, ગ્રુપ-એ પછી ઘણા બધા વિકલ્પ હોય છે જે આપ ને એક સફળ કારકિર્દી બનાવવામાં ઉપયોગી થઈ શકે છે. પણ સૌથી મહત્વની બાબત એ છે કે આપ કયા વિષય અથવા ક્ષેત્રમાં રુચિ ધરાવો છો! આપે એજ વિષય અને ક્ષેત્ર પસંદ કરવું કે જેમા આપ કોઈ બર્ડન એટ્લેકે ભાર વગર એટ્લે કે ચિંતામુક્ત અભ્યાસ કરી શકો. હવે વિકલ્પ ની વાત કરીએ તો, ૧૨ સાયન્સ (ગ્રુપ એ) પછી આપ બી.ઈ , બી.ટેક. એટ્લે કે એંજિનીયરિંગ ક્ષેત્ર માં જઈ શકો છો, જેમાં આપ કોમ્પ્યુટર , સિવિલ, ઈલેક્ટ્રીકલ વગેરે જેવા મુખ્ય વિષય પસંદ કરી આગળ વધી શકો છો. એ સિવાય ઘણા વિદ્યાર્થીઓ બી.એસ.સી. ની પસંદગી કરતા હોય છે જેમાં આપ કેમેસ્ટ્રી , ફિઝિક્સ, મેથ્સ, બાયોલોજી જેવા વિષય પસંદ કરી શકો છો. તદુપરાંત અન્ય એક વિકલ્પ છે જેના વિશે મોટાભાગના વિદ્યાર્થી અજાણ હોય છે અને તે છે બી.ફાર્મ. આપ એ-ગ્રુપ પછી પણ ફાર્મસી પસંદ કરી શકો છો. અન્ય એક વિકલ્પની વાત કરીએ તો એ છે બી.સી.એ. એટ્લે કે બેચલર ઇન કોમ્પ્યુટર એપ્લીકેશન , એ કર્યા પછી આપ માસ્ટર એટ્લે કે એમ.સી.એ પણ કરી આઈ.ટી ક્ષેત્ર માં જઈ શકો છો. એક અન્ય વિકલ્પ ની વાત કરીએ જેના વિશે ઘણા વિદ્યાર્થીઓ ને માહિતી નથી હોતી,એ છે લૉ એટલે કે સી.એલ.એ.ટી.ની પરીક્ષા આપી એન.એલ.યુ જેવી પ્રતિષ્ઠિત કોલેજમાં એડ્મીશન મેળવી એક જ્વલંત કારકિર્દી બનાવી શકો છો. ત્યાર બાદ એક અલગ વિકલ્પ આઈ.એચ.એમ એટલે કે ઈન્સ્ટિટ્યુટ ઑફ હોસ્પિટાલિટી મેનેજમેન્ટમાં પ્રવેશ માટે આપે એન.સી.એચ.એમ.સી.ટી.-જે.ઈ.ઈ.ની પ્રવેશ પરીક્ષા

આપવાની હોય છે. આઈ.એચ.એમ જેવી પ્રતિષ્ઠત સંસ્થા માં એડ્મીશન આપ જણાવેલ પરીક્ષા દ્વારા લઈ શકો છો.આ અને અવા ઘણા વિકલ્પ પર તમે વિચાર કરી શકો છો.પણ સૌથી મહત્વની વાત જે તમને શરુઆતમાં કરી હતી કે આ બધા વિકલ્પમાંથી આપ એજ વિકલ્પ પસંદ કરશો જેમાં આપને રુચિ હોય.જેથી આપ સરળતાથી આપના મનપસંદ લક્ષ્યને પ્રાપ્ત કરી શકો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેઈલ કરી શકો છો. જ્વલંત કારકિર્દી માટે શુભકામનાઓ!

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com
વોટ્સએપ નંબર : 88492 21653
ફેસબુક: www.facebook.com/questions.careercorner

ગાંધીજીનો વિનોદ

॥ ૪૫મો મણકો ॥

૧૧૦ - મને ચા વડે નવડાવે છે

ગાંધીજી દિલ્હીમાં રહેતા હતા. સવારનો સમય હતો. તેમના સ્નાનનો પણ વખત થયો હતો. સ્નાન માટે માળ પર પાણી લઈ જવામાં આવ્યું. પાણી જોઈ ગાંધીજી જોરથી ખડખડાટ હસી પડ્યા. ગાંધીજીને એકલા હસતા સાંભળી દીનબંધુ એન્ડ્રુઝ ઉપર દોડી ગયા અને પાણી જોઈ તેઓ પણ ગાંધીજી જોડે હસવા લાગ્યા. સવારમાં દીનબંધુ માટે તૈયાર કરવાની ચાના પાણીમાં ચા નાખવાને બદલે કોઈએ ગાંધીજી માટે ન્હાવાના પાણી તૈયાર થતું હતું તેમાં ચા નાખી દીધી હતી. તેથી પાણીએ ચાનો રંગ તરત પકડી લીધો હતો. તે પાણી જોઈ ગાંધીજીએ દીનબંધુને કહ્યું, મેં લાંબા સમયથી ચા પીવાની છોડી દીધી છે. તેથી કોઈ મને શિક્ષા કરી રહ્યું છે. હું ચા નહીં પીઉં તો હવે મારે ચાથી ન્હાવું જોઈએ.

કોઈની ભૂલ પર ખીજાવાને બદલે આખો પ્રસંગ ગાંધીજીએ વિનોદમાં જ લઈ લીધો.

૧૧૧ - સારવાર કોની !

એક વાર ગાંધીજી માંદા હતા. તેમને તપાસવા માટે ડૉ. બી સી રૉય આવ્યા. તેમને જોતાં જ ગાંધીજીએ કહ્યું, મારી સારવાર કરવા માટે તમે કલકત્તાથી અહીં આવ્યા છો. પણ તમે જેમ મારી મફત સારવાર કરો છોતેમ આ દેશમાં મારા ૪૦ કરોડ ભાંડુઓની મફત સારવાર કરશો ને ?

ડૉ. રૉયે હસતાં હસતાં કહ્યું, ના જી, બાપુ. હું બધાને મફત તપાસતો નથી. મારે પણ જીવવું છે, તેથી કેટલાક પાસેથી પૈસા ન લઉં તો બીજાને મફત તપાસી કેમ શકું ? હું અહીં મોહનદાસ કરમચંદ ગાંધીની સારવાર માટે નથી આવ્યો પણ ભારતના ૪૦ કરોડ માનવીઓનું જે પ્રતિનિધિત્વ ધરાવે છે તેવી વ્યક્તિની સારવાર માટે આવ્યો છું. આમ તેમની સારવાર દ્વારા હું ભારતના ૪૦ કરોડ માનવીઓની સેવા અને સારવાર બંને કરું છું.

ગાંધીજી (હસીને) : દાક્તર, તમે તો ડિસ્ટ્રીક્ટ કોર્ટના ચોથી પંક્તિના વકીલ જેવી દલીલ કરી રહ્યા છે.

પથારીની આસપાસ ઊભેલાં બધાં જ હસી પડ્યાં !

'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર